# મકાનોમાં આવવા જવાના માર્ગો અંગે એમ્પ્લોયરોની શું જવાબાદારીઓ છે?
# (What responsibilities employers have for access to buildings?)

L24 (ડબલ્યુ.એચ.એસ.ડબલ્યુ. રેગ્યુલેશન્સ 1992 એ.સી.ઓ.પી.) જણાવે છે કે:

આ રેગ્યુલેશનોનો હેતુ એ ખાતરી કરવાનો છે કે, કામની જગ્યાઓ દરેક કામદાર સભ્યના આરોગ્ય, સુરક્ષા અને હિતને લગતી જરૂરતો પૂરી કરતી હોય, જેમાં અસમર્થતા (ડિસેબિલિટી)વાળાં લોકોનો પણ કદાચ સમાવેશ હોઈ શકે. રેગ્યુલેશનો અનુસાર, અનેક બાબતો રેગ્યુલેશન 2(3)માં સ્પષ્ટતા કરવામાં આવ્યા મુજબ એવી રીતે 'યોગ્ય' હોવી જોઈએ, જેનાથી એ સ્પષ્ટ થતું હોય કે અસમર્થ લોકો દ્વારા વાપરવામાં આવતા હોય તે વાહનોની અવરજવરના માર્ગો, સુવિધાઓ અને કામનાં સ્થળો તેમને વાપરવા માટે યોગ્ય હોવા જોઈએ.

બિલ્ડિંગ રેગ્યુલેશન્સમાં એવી જરૂરિયાતો આપવામાં આવેલી છે જેમનો ઈરાદો, નવાં મકાનો હરવાફરવાની ઓછી ક્ષમતાવાળાં કે દ્રષ્ટિની કે સાંભળવાની નબળાઈવાળાં લોકો સહેલાઈથી જઈ-આવી શકે તેવાં બનાવવાનો છે. અસમર્થતાવાળાં લોકો માટે મકાનોમાં આવવા-જવાના માર્ગ ઉપર બ્રિટિશ સ્ટાન્ડર્ડ પણ લાગુ પાડવામાં આવે છે. {BS 5810:1979 Code of Practice for Access for the Disabled to Buildings}

આ ઉપરાંત, ફોન કરનારાંને ડિસેબિલિટી રાઈટ્સ કમિશન સાથે વાત કરવાની ભલામણ કરવામાં આવે છે:

ફોન 08457 622 633
ફેક્સ 08457 778 878
ટેક્સ્ટફોન 08457 622 644

અથવા:

DRC Helpline
Freepost MID 02164
Stratford-upon-Avon
CV37 9HY
ઈમેઈલ: enquiry@drc-gb.org

- ડી.આર.સી. વેબસાઈટ

**અસમર્થ કામદારો માટે એમ્પ્લોયરોએ જે ફેરફારોને ધ્યાનમાં રાખવા જરૂરી છે (1લી ઓક્ટોબરથી)**

અસમર્થ લોકો માટે એમ્પ્લોયરોની ફરજોના સંબંધમાં 1/10/04 થી જે નવી કાનૂની જરૂરિયાતો અસરમાં આવી છે તે વિશેની માહિતી નીચેની વેબસાઈટ પરથી મેળવી શકાય છે:

- ડિસેબિલિટી વિશેની સરકારની વેબસાઈટ